
# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૯૯ • તા.૦૨ માર્ચ થી ૦૮ માર્ચ ૨૦૨૪


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.



# તપોમૂર્તિ પ.પૂ.ગણીવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ની વસમી વિદાય

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# ઉંમર વધે એની સાથે ઉત્સાહ વધવો જોઈએ

બાળપણ નિર્દોષ, યુવાની મસ્તી ભરી મોજીલી હોય તો વૃદ્ધાવસ્થા પરવશ, લાચાર, એકાકી જેવી કેમ હોય છે! આમાં કોઈપણ રીતે વૃદ્ધ વડીલોનો મુખ્ય ફાળો છે. વરિષ્ઠ નાગરિકો પોતાનું જીવન તેજસ્વી રાખવું જોઈએ. તેને બદલે વિચારોના વમળમાં અટવાઈ, ઘર પરિવારની સમસ્યાઓથી ઘેરાઈ નિસ્તેજ થઈ જીવન પસાર કરે છે. પાછલી જિંદગી એવી રીતે જીવવી જોઈએ કે દરેક આપણાથી પ્રેરિત થઈ જાય. આપણું જીવન ધ્યેય અન્ય માટે ઉદાહરણ રૂપ બની જાય. પસાર થતો દરેક સમય ઉત્સાહ અને ઉમંગથી તરબતર હોવો જોઈએ. જીવનના સાઠ દાયકા પોતાના સિવાયના઼ ઓ માટે જીવવ્યા પણ હવે પછીની આવરદા પોતાના માટે જીવીએ. જીવનની દરેક પળ અમૂલ્ય છે. દુનિયાની બધી કળાઓમાં જિંદગી કેવી રીતે જીવવી એ પણ એક કળા છે. એ રીતે જીવન જીવવાની કળા જેને આવડી ગઈ એને જીવનના દરેક તબક્કે જિંદગી માણવા લાયક લાગશે.

વ્યવસાય કે નોકરીમાંથી નિવૃત્ત થનાર પ્રૌઢાવસ્થ વ્યક્તિ ભવિષ્ય માટે ચિંતિત હોય છે. પોતાના સ્વાસ્થ્ય માટે કાળજી ધરાવનાર હોય છે. વૃદ્ધાવસ્થા એટલે વળતાં પાણી એવું માની નિરાશા લાગણી ધરાવવી ન જોઈએ. નિવૃત્તિ બાદ એકાકી પણાની લાગણી અનુભવાય. અગાઉ જેટલું વ્યસ્ત જીવન હતું તેનો અભાવ થઈ સમય કેમ પસાર કરવો એવી વિમાસણ થાય પણ પદ્ધતિસર સમયપત્રક બનાવી નિયમિત દરેક કાર્યને જાળવી કરાય તો કોઈ માનસિક કે શારીરિક સમસ્યા ન સર્જાય. પોતાના માટે, પ્રભુ માટે અને પરજનો માટે કાર્ય થાય એનો આનંદ અને સંતોષ અલગ હોય છે. પ્રૌઢાવસ્થાનું પણ એક આગવું સૌંદર્ય હોય છે. તે કેમ નિખરે એ આપણા હાથની વાત છે. બાળકોને પ્રેમ હેત ને વહાલ આપવું. યુવાનાનું માર્ગદર્શન કરવું અને સમોવડિયાઓની સાથે મૈત્રી રાખી જીવન આનંદિત કરી શકાય અને એથી પ્રફુલ્લિત થઈ શકાય છે.

આ અવસ્થા એક પાકેલાં ફળ જેવી છે. જેને જતનથી જાળવવી જોઈએ. હળવા હાથની માવજત રાખવી જોઈએ. આ ઉંમરમાં શરીરના સ્વાસ્થ્યને જાળવી રાખવું ખૂબ જ જરૂર બની જતું હોય છે. એટલે એની જાળવણી યુવાવસ્થાથી જાળવવી જોઈએ. આ સ્વાસ્થ્ય સજાગતા જો વર્ષો અગાઉથી રાખી હોય તો એ આ ઉંમરે એ સરળતાથી જળવાઈ રહે છે. પહેલું સુખ જાતે નર્યા એ તંદુરસ્તી જાળવણીનો જો સુખ આ ઉંમરે મળે તો ઉત્સાહ આનંદમાં કોઈ ઓટ આવતી નથી. નવું જાણવાની, નવું શીખવાની ધગશ આ ઉંમરે રાખવી જોઈએ જેથી નાવિન્ય જ્ઞાન પામવાની ઉત્કંઠા જીવનનો આનંદ બની શકે. નવું શીખવાના શોખથી ઉત્સાહમાં વધારો થાય છે. જીવન જીવવાનું ઝનૂન જાગે છે. જેનાથી કોઈ નેગેવિટી વિચાર આયુના દિવસો ભલે ઓટ ભણી વહેતાં હોય પણ ઉત્સાહની ભરતી સતત ઉરમાં આ અવસ્થામાં પણ રહેવી જોઈએ.

– જય જ્ઞાતિમૈયા

# સફળતા મેળવવાના પાંચ સોપાન

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જીવનમાં સૌ કોઈ સફળ થવા માગે છે. નિષ્ફળતા કોઈ ગમતી નથી અને નિષ્ફળ હોવાનો ટેગ કોઈના પર લાગે તે પણ કોઈને મંજૂર નથી. જ્ઞાનીઓ કહે છે કે સફળતા સખત મહેનતથી, અપ્રતિમ સાહસ, ધૈર્ય અને એકનિષ્ઠ લક્ષ સાધવાથી મળે છે. સફળતા કારકિર્દીની હોય, અભ્યાસ ડિગ્રી ક્ષેત્રની હોય કે રાજકીય, સેવાકીય કે જાહેર ક્ષેત્રની હોય. પરંતુ જો આંધળુકિયા કરવામાં આવે તો સફળતા જોજનો દૂર રહી જાય છે. આજનો તરવરીયો યુવા વર્ગ વર્તમાનમાં જેટ યુગમાં જીવે છે એટલે કે ઝડપી રીતે ટૂંક સમયમાં કોઈપણ ક્ષેત્રમાં શિખરે પહોંચવામાં માને છે અને જેમ બને તેમ ઝટ લક્ષ્ય હાંસલ થાય તે માટે પ્રયત્નશીલ રહે છે પણ જો એના પ્રયત્નો સફળ ન થાય તો હતાશા-ડીપ્રેશનમાં સરી પડે છે.

સફળતા મળે એ માટે કેટલાક સોપાન સર કરવા પડે છે. જેમાં યોગ્ય પ્લાનિંગ, કેન્દ્રિત લક્ષ્ય, સફળ થનારા લોકોના કાર્યોમાંથી પ્રેરણા, સાહસ અને જાંબાજી અને સતત મહત્વકાંક્ષા રાખવી.

કોઈપણ લક્ષ્ય સાધવા ચોક્કસ પ્લનિંગ હોવું જરૂરી છે. ગણતરી પૂર્વ આગળ ધપીએ તો પછી પીછે હઠ થવાનો ચાન્સ રહેતો નથી. પ્લાનિંગ કરી ક્યાં જોખમ છે, ક્યાં વિઘ્ન છે, ક્યાં પ્રયત્નો ટાંચા પડવાના છે. એનો હિસાબ અગાઉથી કરી લેવો જરૂરી છે. બીજું લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. મન ચંચળ થઈ અહીં તંહી ભટકતો હોય, એકાગ્રતા ન હોય તો શિખર ઝટ સાધ્ય થતું નથી.

ત્રીજું આ અગાઉ જેઓ સફળતા પામ્યા છે. સિધ્ધિ પૂરી કરી છે. તેમના કાર્યોનો અભ્યાસ કરવો જરૂરી છે. જેથી તેમના કાર્યોથી તમે મોટિવેટ થઈ શકો. તેમને મળેલી સફળતા તમારા માટે પ્રેરણા બનશે એ પછી જોખમ લેવાથી ડરવું નહીં અસફળતાના હાઉથી નવો પ્રયોગ, નવો પ્રયાસ કરતા અટકતા નહીં. 'સાહસથી વરે સિધ્ધિ' એ ઉક્તિ હૈયે જડી રાખવી જોઈએ અને પાંચમો અને અંતિમ સોપાન છે જેઓ મહત્વકાંક્ષા ધરાવે છે. જેઓ સફળ થવા સંકલ્પ બધ્ધ છે તેમની સંગત કરવી. તેમના પોઝિટીવ વિચારોની વાઈબ્સથી તમે સતત પ્રેરિત રહેશો આમ સફળ થવાની સંભાવના અનેક ગણી વધશે અને લક્ષ્ય સાધવાનો ઝનૂન ચડશે. જેના લીધે તમારી સફળ થવાની સંભાવના અનેકગણી વધી જશે.

સતત અસફળતા મળી રહી છે તો તેનાથી નિરાશ થવું જોઈએ નહીં. ક્યારેક ગુચ્છાની છેલ્લી ચાવીથી તાળું ખુલી જાય છે એટલે સતત કોશિશ કરતા રહેવું જરૂરી છે. એક દિવસ સફળતા તમારા કદમ ચૂમશે. શાયર બરકત વિરાણી 'બેફામ'ની પંક્તિ પણ નજર સમક્ષ રાખીએ. સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી. ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**


**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**


**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**


ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
1st February - 30th June 2024
With LOWEST INTEREST Rates,
we are still very much Co-operative
HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
*7.49%
(p.a.)
GOLD LOAN
COMMERCIAL VEHICLE LOAN
EDUCATION LOAN
LOAN AGAINST INSURANCE POLICY
*ROI linked to the CIBIL score.
Terms & conditions apply
Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083
Bhandup (West) 86526 30381
Borivali (West) 86526 30390
Dombivli (East) 86526 30386
Ghatkopar (East) 86526 30383
Ghatkopar (West) 86526 30385
Masjid Bunder 86526 30384
Matunga 86526 30389
Mulund (West) 86526 30382
Thane (West) 86526 30388
Vashi 86526 30387
Kamothe 86521 19656
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com
@ Arihant Bank

# તપોમૂર્તિ પ.પૂ.ગણીવર્ય
# શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ની વસમી વિદાય





સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન પ.પૂ. ગણીવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. આયુના ૭૫ મા વર્ષે અને સંયમજીવનના ૪૫મા વર્ષે તા.૩ માર્ચ રવિવારના વહેલી પરોઢના ૩ વાગે સાંગલીમાં નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં કાળધર્મ પામ્યા. સાહેબનું સંસારી નામ મૂળચંદ હીરજી ખેરાજ દંડ હતું. તેઓ કચ્છ લાલા ગામના વતની માતુશ્રી મણીબાઈના પુત્ર હતા. ૪૫ વર્ષ અગાઉ વિક્રમ સંવત ૨૦૩૫ માગસર સુદ ૭ના તિથિ દિને શાસન સમ્રાટ, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિરાજ પ.પૂ.આચાર્ય દેવેશ શ્રી ગુણસાગર સૂરિશ્વરજી મહારાજ સાહેબના હસ્તે ઘાટકોપર મધે દીક્ષા સ્વીકારી હતી.






# પ.પૂ.ગણીવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા. કાળધર્મ પામ્યા









# અજોડ તપસ્વી ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી અંગે સંવેદના પત્ર

**નમો અરિહંતાણ**

૨૦૮૦ મહા વદ ૯ રવિવાર તારીખ ૦૩/૦૩/૨૦૨૪
શ્રી કોઠારા તીર્થ(કચ્છ)

**ગુરુ ગુણ ચરણરજ**
**આ.કલાપ્રભસાગર સૂરિ આદિ ઠાણા ૬**

પ્રતિ,

સુવિનીત તપસ્વી મુનિરાજ શ્રી રાજશેખરસાગરજી તપસ્વી મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી આદિ ઠાણા ૨ તથા મુનિશ્રી વીરશેખરસાગરજી સાદર શાતાનુ વંદના સહ.

સુદેવ ગુરુધર્માનુરાગી,

શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ, તથા સંઘ સમસ્ત તથા શ્રી લાલા ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન,શ્રી ઘાટકોપર ક.મૂ.પૂ.જૈન સંઘ,શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘ તથા તથા મુનિશ્રી ના સંસાર પક્ષે કુટુંબીજનો યોગ્ય

સાદર ધર્મલાભ

ગત મહાવદ ૮ તા.૨ માર્ચ શનિની મધ્યરાત્રિ બાદ સાંગલી મુકામે અમારા તપસ્વી શિષ્યરત્ન ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.સમાધિ સહ કાળધર્મ પામ્યા છે. તેઓની માતૃ વડીલ ભૂમિ કચ્છ લાલા,દીક્ષા ભૂમિ ઘાટકોપર અને ગણિવર્ય પદ ભૂમિ મુલુંડ(પૂર્વ) રહેલ છે. તેઓએ આજ થી ૪૫ વર્ષો પૂર્વ વિદુષી સુસા શ્રી પુણ્યોદયશ્રીજીની પ્રેરણા થી અચલગચ્છાધિપતિ પૂ.ગુ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબના શુભ હસ્તે ઘાટકોપરના સર્વોદય પાર્શ્વનાથ હોલ મધ્યે અમારા શિષ્ય તરીકે અનેરા ઉલ્લાસે ત્રિપુટી મુનિ કમલપ્રભ -ધર્મપ્રભ-નયપ્રભ-સાગરજી તરીકે દીક્ષા અંગીકાર કરેલ.

તેઓ પરમ વિનયી પરમ આજ્ઞાંકિત સમર્પિત પરમતપસ્વી મહાત્મા હતા.ગુરુકુલવાસ -ગચ્છ શ્રમણ સમુદાયમાં તેઓ ''અદભૂત વૈયાવચ્ચ પ્રેમી ''વ્હાલેરા ભાવર મ.સા'' ના નામે લોકપ્રિય મહાત્મા હતા.

અચલગચ્છાધિપતિ.પપૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરીશ્વરજી મ.સા તથા અન્ય તપસ્વી મહાત્માઓની પારણા ભકિત તથા શ્રમણ વૈયાવચ્ચ માં સદા અગ્રેસર રહેતા.

મુંબઈ થી શીખરજી તીર્થ છરીપાલિત સંઘ, શીખરજી થી શત્રુંજય તીર્થ છરીપાલિત સંઘ

૯૯ યાત્રાઓ કચ્છ,ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, કેરાલા (કોચીન પર્યંત)

વગેરે ક્ષેત્રોમાં ઉગ્રવિહારોથી વિચર્યા,ચાતુર્માસો કર્યા અનેક સંઘો ઉપર અનેરી ઉપકાર વર્ષા કરેલ. સરળતા-વિનય-નમ્રતા-નિખાલસતા- જિનાજ્ઞાપ્રેમ-ગુરુપ્રત્યે સમર્પણ-નિયમિત પાક્ષિક પત્ર. વંદના સર્વે શ્રમણો સાથે મૈત્રી સમન્વય વગેરે તેમના દૈવી ગુણો હતા.

તેઓ એ ૬૭-૫૫-૫૧-૩૩ -૩૦ ઉપવાસો ઘણી અઠ્ઠાઈઓ,એકાસણા ૫૦૦ આયબિલ-વર્ષીતપો વર્ધમાન તપ વગેરે આરાધતા અજોડ તપસ્વીરત્ન મહાત્મા હતા.

તેઓ ને પરમ વિનયી સમર્પિત તપસ્વી મુનિરાજ શ્રીરાજશેખરસાગરજી, પ્રવચન પ્રભાવક કાર્યદક્ષ મુનિરાજ શ્રીધર્મશેખરસાગરજી, ૫૧ થી વધારે વર્ધમાન આયબિલઓળી આરાધક મુનિરાજ શ્રી વીરશેખરસાગરજી તેઓના શિષ્ય રત્નો છે. તેઓની વય ૭૫ વર્ષની હતી.

તેઓ શિઘ્ર પરમ પદ પામે એજ શુભ ભાવના.

**દ:આ કલાપ્રભ સાગર સૂરિની અનુવંદના શ્રી સંઘ ને આદર ધર્મલાભ**

# શ્રી મહાવીર જૈન ચારિત્રકલ્યાણ રત્નાશ્રમ સોનગઢમાં શતાબ્દી મહોત્સવનો કાર્યક્રમ યોજાયો




શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ શતાબ્દી મહોત્સવ નિમિત્તે તા. ૨૪.૦૨.૨૦૨૪ ના સોનગઢ માં આયોજિત કાર્યક્રમમાં માનવ મહેરામણ ઉમટયો હતો અને દાનની ગંગા વહેતી કરી હતી. સાંજે સંસ્થા ના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરેલ જેમાં નાટક, યોગ કસરત મલખમ ના દાવ, સંગીત સાથે ગીતો, નૃત્ય વગેરેનો સમાવેશ હતો.

સંસ્થાના અધિકારીઓ, ભુતપૂર્વ વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ એ ખડેપગે મહેમાનોની સરભરા સુવ્યવસ્થા સાથે કરેલ.

અગાઉ મળેલા દાનના દાતાશ્રીઓની તકતી અનાવરણ થયેલ જેમાં કેડીઓ લાભાર્થી પરીવાર નીચે મુજબ છે.

રત્ન સ્તંભ તથા સુવર્ણ સ્તંભ દાતા : મા. ઝવેરબેન શીવજી કુંવરજી વિકમશી રાણપર-પરેલ, મુંબઈ

એક વર્ગ ખંડના ફર્નિચર દાતા : સૌ. આશાબેન દીપક ગંગાજર ડાઘા હ. પાર્શ્વ ગૌતમ શાહ (વરાડીયા-મુલુંડ, મુંબઈ).

જૈન વિદ્યાર્થીઓને ધોરણ ૬ થી ૧૨ સુધી ગુજરાતી-અંગ્રેજી માધ્યમમાં નિઃશુલ્ક શિક્ષણ સાથે સાથે કોમ્પ્યુટર, સંગીત, યોગ, મલખમ, ધાર્મિક અભ્યાસ, ભાષા વગેરેની ઉચ્ચ કક્ષાની તાલીમ આપવામાં આવે છે.

સંસ્થાનો કારોબાર મુખ્યત્વે ભુતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. સંસ્થાના પ્રમુખ સીએ કમલેશ શીવજી કુંવરજી વિકમશી (રાણપર) છે તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી હિતેશ હીરાચંદ દંડ (સાંધવ-મુલુંડ) સંસ્થા ની કારોબારી સમિતિ ના સભ્ય છે. શ્રી શીવજી ભાઈ તથા એમના મોટા ભાઈ શ્રી કરમશી ભાઈએ સંસ્થામાં અભ્યાસ કર્યો છે તથા સંસ્થાના સંચાલનમાં એમણે તન, મન, ધનથી ઉચ્ચત્તમ સહકાર આપ્યો છે.

અત્યારે ઘણા વર્ષો થી સૌ. લતિકાબેન તથા શ્રી કુલીન હીરાચંદ ભવાનજી ખોના (નલિયા) અનુક્રમે ભોજનશાળાના કોઠાર વ્યવસ્થા તથા ઑફિસ મેનેજર તરીકે કાર્યરત છે. ભોજનશાળાના વહીવટમાં શ્રી નવિનભાઇ સોમચંદ દોલત ( સુથરી) કાર્યરત છે. અત્યારે સંસ્થામાં ૫૧૦ વિદ્યાર્થીઓ છે જેમાંથી ૮૦ ક.દ.ઓ. જૈન છે.

સંસ્થાની વિવિધલક્ષી વિદ્યાર્થી અભ્યાસની યોજનામાં આ વર્ષ ૨૦૨૩-૨૪ માં લિસ્ટ મુજબ કેડીઓ દાતાશ્રીઓ એ લાભ લીધેલ છે.

**૨૦૨૩-૨૪ વર્ષ દરમ્યાન**

| | | |
|---|---|---|
| ૬૩૦૦૦ | માતુશ્રી વિજયાબેન દેવજીભાઇ ધુલ્લા | સુથરી |
| ૫૧૦૦૦ | શ્રી પદમશી લખમશી લાલકા | વારાપધર |
| ૨૧૦૦૦ | માતુશ્રી તારાબાઇ લહેરચંદ નાગડા | નલીયા |
| ૧૧૦૦૦ | સ્વ.શ્રી ત્રીકમજી લખમશી લાલકા | વારાપધર |
| ૧૧૦૦૦ | માતુશ્રી કુંવરબાઇ વિશનજી મોતા | સુથરી |



| | | |
|---|---|---|
| ૧૧૦૦૦ | શાંતિલાલ દેવજી ડાઘા | વરાડીયા |
| ૧૧૦૦૦ | માતુશ્રી નિર્મળા વસનજી નાગડા | ડુમરા |
| ૧૧૦૦૦ | શ્રી સુનિલકુમાર ગોવિંદજી શાહ | નલીયા |
| ૧૧૦૦૦ | માતુશ્રી બાયાબાઇ શામજી મોતા | નલીયા |
| ૧૧૦૦૦ | માતુશ્રી ખેવનાબેન રમેશ પોલડીયા | ડુમરા |
| ૧૧૦૦૦ | માતુશ્રી લક્ષ્મીબેન નારાયણજી પદમશી ખોના | તેરા |
| ૧૧૦૦૦ | શ્રી દુવાશ જયેશ મહેન્દ્ર પીર | સુથરી |
| ૧૧૦૦૦ | માતુશ્રી કાંતાબેન આણંદજી ખોના | સાંધવ |
| ૧૧૦૦૦ | શ્રી મનિષ જેઠાલાલ છેડા | બાયઠ |
| ૧૧૦૦૦ | શ્રી નરેન્દ્ર રતીલાલ નાગડા | મોથારા |
| ૧૧૦૦૦ | શ્રી નિલેષ ભરત ખોના | જલગાંવ |
| ૧૧૦૦૦ | શ્રી તિલકચંદ ઉત્તમચંદ શાહ | તેરા |
| ૧૧૦૦૦ | શ્રી લય તેજસ લાલકા | લાલા |
| ૧૧૦૦૦ | શ્રી યશ વેદા કિંશુક લાલકા | વારાપધર |
| ૧૧૦૦૦ | શ્રી સિધ્ધિ શ્રેયા હર્ષદ મોમાયા | વરાડીયા |
| ૧૧૦૦૦ | શ્રી સોહીલ રાહુલ ધુલ્લા | સુથરી |



તા.ક. સંસ્થામાં K.D.O. સમાજના ૮૦ વિદ્યાર્થીઓ હાલ ભણી રહયા છે. એમ હિતેષ હિરાચંદ દંડ-૯૩૨૨૮૪૯૩૬૨ કારોબારી સભ્યએ જણાવ્યું હતું.

**શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ ૧૯૨૩થી**

**વિદ્યાર્થી : દિનચર્યા**

| **સમય** | **કાર્યક્રમ/પ્રવૃત્તિઓ** |
|---|---|
| સવારે ૫-૩૦ થી ૬-૦૦ | પ્રાતઃકાળ નિત્યક્રમ |
| સવારે ૬-૦૦ થી ૬-૪૫ | કસરત, યોગા, રોપયોગ, પ્રાણાયમ, મલખમ અને સંગીત |
| સવારે ૬-૪૫ થી ૮-૧૫ | સ્નાન, પૂજા અને કપડાંની ધોલાઈ |
| સવારે ૮-૧૫ થી ૮-૩૫ | નવકારશી |
| સવારે ૮-૩૫ થી ૧૧-૧૫ | શાળા (અભ્યાસ) |
| બપોરે ૧૧-૧૫ થી ૧૨-૦૦ | ભોજન |
| બપોરે ૧૨-૦૦ થી ૨-૩૫ | શાળા (અભ્યાસ) |
| બપોરે ૨-૩૫ થી ૨-૫૫ | રિસેસ (શાળામાં નાસ્તો) |
| બપોરે ૨-૫૫ થી ૪-૩૦ | શાળા (અભ્યાસ) |
| સાંજે ૪-૩૦ થી ૫-૩૦ | રમત-ગમત (મુક્ત વિહાર) |
| સાંજે ૫-૩૦ થી ૬-૦૫ | ચૌવિહાર |
| સાંજે ૬-૦૫ થી ૮:૨૦ | સંગીત, ધાર્મિક, ટ્યુશન અને અભ્યાસ, ગૃહકાર્ય, લાયબ્રેરી |
| રાત્રે ૮-૨૦ થી ૯-૦૦ | પ્રાર્થના પ્રવૃત્તિઓ |
| રાત્રે ૯-૦૦ થી ૯-૩૦ | ચીજવસ્તુઓની સાર-સંભાળ અને વ્યવસ્થિત ગોઠવણ |
| રાત્રે ૯-૩૦ થી ૫-૩૦ | રાત્રી વિરામ |







## શ્રી ગોડિયા પાર્શ્વનાથ ભગવાન



# શ્રી પાર્શ્વશાંતિ પ્રાસાદ
## જૈન મંદિર
## રાપર ગઢવારીનું
## સંપૂર્ણ જિર્ણોદ્ધાર
## અને
## ભવ્યાતિ ભવ્ય પુનઃ પ્રતિષ્ઠા કરવા બદલ

શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને ક.દ.ઓ.મહાજન ટ્રસ્ટ

શ્રી રાપર ગઢવાળી-નાની સિંધોડી જૈન સંઘ

માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવારની

## ખૂબ ખૂબ અનુમોદના

# ચંદ્રેશ વિરંચદ છેડા

ગામ સુજાપુર - હાલે રાયપુર






## ગોડિયા પાર્શ્વનાથ ભગવાન
## શ્રી પાર્શ્વશાંતિ પ્રાસાદ
## જૈન મંદિર રાપર ગઢવારીનું
## સંપૂર્ણ જિર્ણોદ્ધાર
## અને
## ભવ્યાતિ ભવ્ય પુનઃ
## પ્રતિષ્ઠા કરવા બદલ

## શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને ક.દ.ઓ.મહાજન ટ્રસ્ટ
## શ્રી રાપર ગઢવાળી-નાની સિંધોડી જૈન સંઘ
## માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવારની
# ખૂબ ખૂબ અનુમોદના

**શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન**
**શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓશવાલ જૈન યુવા મંડળ**
**શ્રી કુંથુનાથ મહિલા મંડળ**
**રાયપુર તરફથી ખૂબ ખૂબ અનુમોદના**

# સંજીવનીના બે કેસ માટે રૂા.૫.૪૦ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડીગમાંથી મદદની ટહેલ પાછી ખેંચી લેવાઈ




સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની અદ્‌ભૂત અને સહાયક યોજના સંજીવની માટે કેસ નં.૧૩૫ અંતર્ગત મોટી સિંધોડી-ભાંડુપના ૫૨ વર્ષીય શ્રીમતી બીના જયેશ લોડાયાએ રૂા.૨.૧૦ મદદ મળે એ માટે અરજી કરી હતી. તેઓ અગાઉથી હૃદયરોગથી પીડિત છે. થોડા દિવસ અગાઉ ઈમરજન્સીમાં તેમને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાંથી વધુ સારવાર માટે થાણાની મહાવીર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. ડોક્ટરો એ એન્જીયોપ્લાસ્ટીની જરૂરત હોવાનું નિદાન કર્યું. જેનો અંદાજિત ખર્ચ રૂા.૨.૧૦ લાખ બતાવાયો.

એક માત્ર કમાવનાર પતિ જે લઘુત્તમ વેતન રળી પરિવારનું ગુજરાન ચલાવે છે. વૃધ્ધ માતા પિતાની પણ સંભાળને ચાકરી કરે છે. પરિવારની ખાસ કોઈ બચત નથી કે નથી વીમાનું સંરક્ષણ વધુમાં આકસ્મિક આવી પડેલ ખર્ચથી ચિંતિત હતા. આવી કપરી પરિસ્થિતિમાં બહાર આવી શકાય એ માટે મેડિકલ સમિતિ પાસે અરજી મૂકી.

બીજો અન્ય કેસ નં.૧૩૬ મુજબ ૪૨ વર્ષીય વરાડીયા-ડોંબિવલીના સંદીપ આર. દંડને ચાર-પાંચ દિવસથી શરીરના નીચેના અંગોમાં નબળાઈ વર્તાતી હતી સાથે ચાલતી વખતે અસંતુલન થતું હતું અને માથામાં અતિ ગંભીર દુઃખાવાની તકલીફથી હેરાન હતા. આવી પરિસ્થિતિમાં તાત્કાલિક થાણાની જ્યુપીટર હોસ્પિટલમાં ભરતી કરાયા. જ્યાં તબીબો દ્વારા મગજમાં કેન્સરની વૃધ્ધિ થયાનું નિદાન કરાયું. જેને કોલાઈડ સિસ્ટ અને હાઈડ્રોએફાલસ કહેવાય છે.

# સંજીવનીના બે કેસ માટે રૂા.૫.૪૦ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડીગમાંથી મદદની ટહેલ પાછી ખેંચી લેવાઈ




તેનો ઈલાજ સર્જરી હોવાનું કહેવાયું. જેનો અંદાજિત ખર્ચ રૂા.૩.૩૦ હોવાનું જણાવાયું સાથે ડોક્ટરોએ એ પણ જણાવ્યું કે સારવાર ઈલાજમાં વિલંબ અણધારી પરિસ્થિતિ સર્જી શકે એ અચાનક મૃત્યુ સુધી દોરી શકે. દર્દી લઘુતમ પગારથી નોકરી કરે છે. તેમના પત્ની પરિવારને મદદરૂપ થઈ શકાય એ માટે રસોઈ બનાવવાનું કામ કરી સહાયરૂપ થાય છે. સંતાનો અભ્યાસ કરે છે. પરિવારજનો કોઈ વીમો નથી કે નથી કોઈ ખાસ બચત. આવી પરિસ્થિતિમાં ડોક્ટરોએ સૂચવેલ સારવાર લઈ હેમખેમ બહાર આવવાનો પડકાર પણ હતો. મૂંઝવણ ભરી આવી પરિસ્થિતિમાં પરિવારે સંજીવની યોજના અંતર્ગત અરજી સબ્મીટ કરી.

અત્રે નોંધતા હર્ષ થાય છે કે ઉપરોક્ત બન્ને કેસ નં ૧૩૫ તથા ૧૩૬ માટેની મદદની અરજી રૂા.૨.૧૦ લાખ તથા રૂા.૩.૩૦ લાખ મળી કુલ્લ રૂા.૫.૪૦ લાખ માટેની ટહેલ ક્રાઉડ ફંડિગ માટે મૂકાતા ગણતરીના સમય દરમ્યાન જ દાતાઓ, પેટ્રન, મહાજનો, એકમો અને સંસ્થાઓના ઉદારભાવને લીધે પરિપૂર્ણ થઈ જતાં તાત્કાલિક આ બંન્ને કેસ ક્રાઉડ ફંડિગમાંથી પાછા ખેંચી લેવાયા છે.

વિવિધ પરિસ્થિતિથી ગ્રસ્ત થઈ પોતાને અસહાય સમજતા જ્ઞાતિના જરૂરીઆતવાળા પરિવારોને સંજીવની યોજનાનો સબળ ટેકો સમયસર મળી રહે છે. જે આ યોજનાની સિધ્ધિ છે. આજ સુધીના દરેકે દરેક સહયોગી દાતાઓની હૃદયપૂર્વક વંદના.

# સુવર્ણ વર્ષ આરે પહોંચેલા શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર અઢળક પ્રવૃત્તિઓથી ધમધમે છે

દક્ષિણ ભારતના કોઈમ્બતુર નગરમાં આવેલા શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનની સ્થાપના વર્ષ ૧૯૭૭માં થઈ. શરૂઆતથી લઈને વર્ષ ૧૯૯૦ સુધી મહાજનની મુખ્ય પ્રવૃત્તિઓ કૌટુંબિક મેળાવડા અને સામાજિક પ્રવૃત્તિઓ હતી.

સૌ પ્રથમ વર્ષ ૧૯૯૦માં પ્રથમવાર પર્યુષણ મહાપર્વની ઉજવણી ભાડાની જગામાં કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૦માં સાંઈબાબા કોલોનીના પ્રાઈમ એરિયામાં એક પ્લોટ ખરીદવામાં આવ્યો અને શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ નામના મંદિર ટ્રસ્ટને ધાર્મિક પ્રવૃત્તિઓ માટે સામેલ કરવામાં આવ્યો હતો. જમીનના આગળના ભાગમાં એક કામ ચલાઉ મંદિર બાંધવામાં આવ્યું હતું અને પાછળની બાજુ કેડીઓ ભવન નામનો ૩ માળનો મલ્ટીપર્પઝ હોલ બાંધવામાં આવ્યો હતો. બિલ્ડીંગમાં ૨ હોલ અને સાત સુવિધાજનક રૂમ છે. ત્યારબાદ અસ્થાયી મંદિરને સુંદર માર્બલ મંદિરમાં અપગ્રેડ કરવામાં આવ્યું હતું. જેની ભવ્ય રીતે પ્રતિષ્ઠા વર્ષ ૨૦૧૫માં કરવામાં આવી હતી.

શ્રી કેડીઓ જ્ઞાતિ મહારાજ કોઈમ્બતુરમાં લગભગ ૮૫ પરિવારો અને તેમના ૨૫૦ સભ્યો છે. મોટા ભાગના જ્ઞાતિ પરિવારો કપાસના વેપાર સાથે સંકળાયેલા છે. મહાજનના નેજા હેઠળ પર્યુષણ મહાપર્વ, નવરાત્રી, દિવાળી સ્નેહમિલન, બ્લડ કેમ્પ, જમ્બલ સેલ અને ઈતર સમાજલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન અને ઉજવણી કરે છે. કેડીઓ ભવન મહારાજ સાહેબોના વિહાર દરમ્યાન આયોજન કરે છે.

કોઈમ્બતુર મહાજનનું કેડીઓ ભવન ૫, ભારતી પાર્ક, રોડ નં.૪, સાઈબાબ કોલોની, કોમ્બતુર-૬૪૧૦૧૧. ઈમેઈલ kdocoimbatore1977@gmail.com સ્થિત છે.

મહાજનના વર્તમાન પદાધિકારીઓમાં પ્રમુખ પ્રદીપ રતિલાલ લોડાયા-૯૮૪૩૦૨૦૭૭૬, સેક્રેટરી મનીષ પ્રવીણ મોમાયા-૮૯૦૩૩૮૯૦૩૩. ટ્રસ્ટ મંડળના મેનેજીંગ ટ્રસ્ટી ભાવેશ દિનેશ લોડાયા-૯૩૬૦૭૬૮૧૮૫ છે.

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કલિકટમાં જ્ઞાતિ બાંધવો માટે મદદરૂપ થવાની ભાવના બળકટ છે

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કલિકટની ઓફિસ કેર ઓફ ઝવેરચંદ પાશ્વીર ખોના, ૧૩/૯૭૮ જૈન ટેમ્પલ કમ્પાઉન્ડ ત્રિકોવિલ લેન, કલિકટ-૬૭૩૦૦૧ કેરાલ સ્ટેટ છે. મહાજન વર્તમાન પ્રમુખ ચંદ્રકાંત ખીમજી ખોના-૯૮૯૫૧૫૪૯૨૪, ઉપપ્રમુખ હીરાચંદ પદમશી શાહ-૮૦૮૯૨૮૬૨૯૪, સેક્રેટરી ભાવેશ કે. શાહ-૯૬૩૩૩૩૫૯૮૬ તથા ખજાનચી ભરતકુમાર જવેરચંદ-૯૮૯૫૨૧૨૮૫૩ છે.

વર્તમાનમાં કલીકટમાં જ્ઞાતિના ૩૦ ઘરો છે. અત્રે શ્રી કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનનું બહુ જ જૂનું તીર્થ છે. જેનું સંચાલન કરવા બે કેડીઓ ટ્રસ્ટી તથા ૩ કચ્છી ગુર્જર ટ્રસ્ટીઓ છે. પર્યુષણ પર્વ એક વરસ અચલગચ્છની રીત મુજબ ને એક વરસ તપાગચ્છની રીત મુજબ ધામધૂમથી ઉજવાય છે. આ પ્રણાલી વરસોથી ચાલી આવે છે. કેડીઓ મહાજનની ખાસ કોઈ પ્રવૃત્તિઓ થતી નથી. સમાજ બહુ નાનો છે. વરસમાં સમાજના સૌ સાથે મળે છે. કલિકટમાં કોઈને પણ કાંઈ પણ મદદની જરૂર હોય તો બધા સાથે મળીને મદદરૂપ થાય છે એવી સંપ સંગઠન ભાવના પ્રર્વતે છે.

# શ્રી આદેશ્વર જિનાલય પટાંગણે (અનંતસિધ્ધિ) ભાંડુપ નગરે શ્રી ક્ષેત્રપાલ દાદાની સમૂહ પેડી-પ્રસાદ

શ્રી આદેશ્વર જિનાલય પટાંગણે (અનંતસિધ્ધિ) ભાંડુપ નગરે બિરાજમાન હાજરા હજૂર એવા શ્રી ક્ષેત્રપાલ દાદાની સમુહ પેડી-પ્રસાદ દર વર્ષની જેમ આ વર્ષે પણ દાદાશ્રીના ભાવિક ભક્તો તેમજ ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ ના સથવારે ફાગણ સુદ પુનમ તા. ૨૪ માર્ચના રવિવારે સવારના ૯.૦૦ કલાકે શુભ ચોઘડિયામાં શ્રાવક/શ્રાવિકાઓની હાજરીએ દાદાશ્રીને સમૂહ પેડી પ્રસાદ જુહારવામાં આવશે.

# બે પેઢી વચ્ચે વિચારોના અંતરનો તાલમેલ બાબતે વિચાર મંથન

સંકુચિત મગજ અને જુનવાણી વિચાર સાથે લોકો પોતાને સાચા જ છે એવું સમજે છે અને પોતે જેવું વિચારે છે તેવો જ સામેવાળો હશે તે સમજવા લાગે છે, પરંતુ દરેક વ્યક્તિના વિચાર અલગ હોય અને સમય ની સાથે પેઢી બદલતા આ વિચારો પણ આધુનિક થતા હોય છે એટલે જૂની ઢબે ચાલતા કાર્ય અને તેમના જ વિચારો એ યુવાઓ ઉપર થોપવા કરતા એના વિચાર ને પણ સમજવાની જરૂર છે.

આજનો યુવાનને ભલે સમય નથી, પરંતુ એમના વિચારો એમના કાર્ય કરવાની પધ્ધતિ અલગ જ રહેવાના છે, જે અંગે જુનવાણી પેઢીને તેમનાથી સહમત થતા વાર લાગશે એ પણ સ્વભાવિક છે. આવા સમયમાં વડીલોનું અનુભવ અને યુવાઓના આધુનિક વિચારોની સાથે ટેક્નોલોજીનું સમન્વય કરી બે પેઢીનો વચ્ચેનો વધી રહેલો અંતર ઓછું કરી અને બંને ના વિચારો ના તાલમેલથી સમાજને આગળ લઇ જશું તો એક સ્વસ્થ અને સ્વચ્છ સમાજનું વિકાસ કરી શકાશે અને આપણું ભાવિ આપણા જ યુવાનોના હાથમાં રહેશે..

સમય નથી એ વાત બધાને લાગુ પડે છે, પણ સમય તો બધા પાસે એટલો જ છે. ખરેખર જરૂર છે એક શિષ્ટબદ્ધ આયોજનની.

આવો બધા સાથે મળીને બન્ને પેઢી વચ્ચેની વિચારોની ખૂટતી કડી જોડવાનું પ્રયત્ન કરીએ અને એક મજબૂત સુંદર ભવિષ્યનું નિર્માણ કરવા આપણે એક સંકલ્પ કરીએ...

**– એડ.કેતન મધુકાન્ત લોડાયા (કોઠારા–ગાંધીધામ)**

# પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની સ્થિરતાનો લાભ મલકાપુર સંઘને મળ્યો



મહારાષ્ટ્રના મલકાપુર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની સ્થિરતા છે. સાહેબજીની ૧૧ દિવસની સ્થિરતાનો શ્રી સંઘને વૈયાવચ્છનો લાભ તેમજ પ્રવચન એવમં વિહાર સેવાનો લાભ મળ્યો.

પ.પૂ.સાધ્વીશ્રી મોક્ષગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ રવિવાર તા.૨૫ ફેબ્રુઆરીના ૯ કિલોમીટર દૂર જાંભુર દાભા જવા મલકાપુરથી વિહાર કર્યો. બીજા દિવસે સોમવારે સવારે સાહેબજીએ બોદવડની તરફ વિહાર કર્યો.

# નલિયા તીર્થે પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નું ભવ્ય સામૈયું કરાયું




શ્રી નલિયા તીર્થે રાજસ્થાન દીપક, સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા પધારતા શ્રી સંઘ દ્વારા વાજતે ગાજતે ભવ્ય સામૈયું કરાયું. મોટી સંખ્યામાં સંઘના ભાવિકજનો, ગ્રામજનો તથા બહારગામથી પધારેલ મહેમાનો ઉપસ્થિત રહેલ.

# શ્રી શત્રુંજય એકેડમી સંચાલિત શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ જ્ઞાન અભ્યાસક્રમમાં જોડાવવા માટે હાર્દિક આમંત્રણ

પ.પૂ.સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. M.Sc.Ph.D. ની પ્રેરણા અને માર્ગદર્શનથી શ્રી શત્રુંજ્ય એકેડેમી સંચાલિત શ્રી શત્રુંજ્ય મુક્તિ સમ્યગજ્ઞાન અભ્યાસક્રમ C/o. શ્રી પદ્મપ્રભ સ્વામી જિનાલય સ્ટેશન રોડ, ચાલીસગામ જિ.જલગામ-મહારાષ્ટ્ર દ્વારા મળેલા માનવ ભવને સફળ કરવા, જિનશાસને જાણવા સમજાવા, જીવનમાં પરિવર્તન લાવી સાચા સાધુ-શ્રાવક બનવા, સમ્યગ જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી લગાવી શ્રુત રત્નો પ્રાપ્ત કરવા જીવનમાં સુખ, શાંતિ અને સમાધિનો અનુભવ કરવા શ્રી શત્રુંજ્ય મુક્તિ સમ્યગજ્ઞાન અભ્યાસક્રમમાં જોડાવવા માટે પ્રવેશ તા.૧૫ માર્ચથી શરૂ થશે. અભ્યાસક્રમ ગુજરાતી તથા હિન્દી માધ્યમમાં હશે.

જૈન સ્નાતક બનવા માટે ૩ વર્ષનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસમાં કુલ્લ દસ પાઠ આપવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્નપત્ર રહેશે. પાઠનો અભ્યાસ કરીને પ્રશ્નપત્ર ભરીને પાછો મોકલવાનો રહેશે. ૧૦ પાઠ પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે.

વાર્ષિક પરીક્ષા પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે FYBJ સમ્યગજ્ઞાન પ્રવેશિકા. બીજા વર્ષ અંતે SYBJ સમ્યગજ્ઞાન પરિચય અને અંતિમ ત્રીજા વર્ષના અંતે TYBJ સમ્યગજ્ઞાન વિશારદની પદવીથી સન્માનિત કરવામાં આવશે. હજુ વધુ આગળ માસ્ટર ઓફ જૈનેઝિમ MJ અને ડોક્ટરેટ ઓફ જૈનેઝામ DJ ડિગ્રી પણ મેળવી શકાશે. વધુ વિગત માટે સૌ. દીપાબેન લોડાયા-૯૪૨૨૭૮૩૨૦૮, વિશેષ માહિતી માટે વેબસાઈટ www.shatrunjayacademy.com પર જુઓ.

અન્ય સંપર્ક સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા (ઔરંગાબાદ)-૦૨૮૪૮૨૩૩૬૭૫, શિલ્પા અજાણી (અંધેરી)-૯૮૨૧૧૧૩૩૩૮, લતાબેન વિકમશી-૯૩૨૩૯૪૪૧૧૭

# કચ્છ અબડાસાના જશાપર તીર્થે શ્રી સિધ્ધચક્ર આરાધના સાથે અઢાર અભિષેક થયાં





કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના જસાપર તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી કિરણકલાક્ષીજી મ.સા.ની નિશ્રામાં યુવા વિધિકાર ડૉ. હર્ષ દેઢિયાના સંગીતમય સથવારે શ્રી સિધ્ધચક્ર આરાધના તથા અઢાર અભિષેક વિધિની ધર્મ આરાધનાઓ અતિ ઉમંગ અને હર્ષોલ્લાસ સાથે થઈ.

# યુ.એ.ઈ.શ્રી ક.દ.ઓ.જૈન સંઘ દ્વારા એક દિવસીય પિકનિકનું આયોજન કરાયું



યુ.એ.ઈ.શ્રી ક.દ.ઓ.જૈન સંઘ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૨૪ ફેબ્રુઆરી શનિવારે ખોર ફકાન યુ.એ.ઈ.મુકામે એક દિવસીય પિકનિકનું આયોજન સફળતાપૂર્વક કર્યું હતું. આ આયોજનમાં યુ.એ.ઈ.માં વસતા ક.દ.ઓ.જૈન જ્ઞાતિના નાના મોટા ૬૦ જેટલા સભ્યો જોડાયા હતા. માદરે દેશથી દૂર રહીને પણ સૌ દશાઈ જ્ઞાતિજનોએ એક જુટતા દાખવી સંપૂર્ણ દિવસ આનંદ અને હર્ષાલ્લાસ સાથે સૌ સભ્યોએ માણ્યો. ભવિષ્યમાં પણ આવા પ્રકારના આયોજનમાં સૌ એક બીજા સાથે પરસ્પર સાથે સહકાર સાથે આયોજનમાં સહભાગી થતા રહે એ વિશ્વાસ છે.

# અંકલેશ્વર નગરે તપસ્વીરત્ન પ.પૂ.મ.સા.નું ભવ્ય સામૈયું કરાયું
# શ્રી ગૌતમસ્વામી આદિબિંબોના અભિષેક કરાયા




ગુજરાના અંકલેશ્વર નગરે અલૌકિક પાર્શ્વનાથ દાદાના પાવન સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૩મા વર્ષીતપના તપસ્વી રત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.નું ભવ્ય સામૈયું કરાયું. તથા પૂજ્ય સાહેબજીની નિશ્રામાં શ્રી ગૌતમ સ્વામી આદિબિંબોના વિધિકાર કેશવજીભાઈ ગડાના સથવારે અભિષેકની ધર્મ આરાધનાઓ કરાઈ.

# નલિયા-કોઠારા રેલવે ટ્રેકનું કામ પૂર્ણતા ભણી

અબડાસાવાસીઓને હવે સ્થાનિકેથી રેલવેની સુવિધા ઉપલબ્ધ થશે એ દિવસો દૂર નથી. કોઠારાથી નલિયાના ૧૪ ટ્રેકનું કામ ઝડપભેર આગળ ધપી રહ્યું છે અને આઠેક દિવસમાં આ કામ પૂર્ણ થાય તેવા સાનુકૂળ સંકેત મળી રહ્યા છે.

નલિયાથી મુંબઈ રેલવેમાં જવા માટે અત્યાર સુધી ૧૦૦ કિ.મી. સુધી ભુજ સુધ ધક્કો ખાવો પડતો હતો. એ સમય દૂર નથી કે કે નલિયાથી મુંબઇ જવા માટે સીધી ટ્રેન મળે. ૩૦ વર્ષ અગાઉ નલિયાને રેલવે સગવડ મળી હતી પણ થોડા જ વર્ષમાં સગવડ છીનવાઈ ગઈ હતી. રેલવે સ્ટેશન પણ વેરાન બની ગયા હતા. હવે ફરી અબડાસાને આ જ રેલવે મથકમાં કામનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

શરૂઆતમાં ભુજથી દેશલપર અને ત્યારબાદ દેશલપરથી સણોસરા સુધી બ્રોડગેજના પાટા પણ તૈયાર થઈ ગયા અને ટેસ્ટિંગ માટે એન્જિન દોડ્યું, ત્યારબાદ કોઠારા સુધી કામ પૂર્ણ થઇ જતાં એન્જિન દોડ્યું, હવે કોઠારાથી નલિયા ૧૪ કિ. મી.ના અંતરનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. કોઠારાથી નલિયા વચ્ચે એન્જિનનું ટેસ્ટિંગ આ જ અઠવાડિયામાં થશે એવું રેલવેના મોહિત સોનીએ જણાવ્યું હતું. તો નલિયા માટે ક્વાર્ટરનું કામ શરૂ થઈ ગયું છે તો મોથાળા, કોઠારા, સણોસરા સહિતના રેલવે પ્લેટફોર્મ નજીકમાં જ ક્વાર્ટર બનાવવાનું કામ ચાલુ થશે. આ કામ પૂર્ણ થયા પછી અને જયારે, દેવટે તક મળી રહેશે.

નલિયા વેપારી એસોસિયેશનના પ્રમુખ હકૂમતસિંહ જાડેજાએ કહ્યું કે, નલિયાથી ડાયરેક્ટ મુંબઈ માટે અબડાસા ને સયાજીનગરીને નલિયા સુધી લંબાવાય તો ભુજથી અમદાવાદ ઇન્ટરસિટી જે ટ્રેન બંધ કરવામાં આવી છે એ પણ ચાલુ કરવામાં આવે અને નલિયા સાથે જોડવામાં આવે એવી નલિયા વેપારીઓની માગણી છે, તો નલિયાના વેપારી અગ્રણી અતુલભાઇ સોની કહે છે કે, બંને ટ્રેનમાંથી કોઈપણ મળે તો અહીંના અબડાસાના મુંબઇ જવાવાળાને સગવડ મળી રહેશે.

કોઠારાના વિનોદ દરજી કહે છે કે, સયાજીનગરી સાથે જોડવામાં આવે તો મુંબઈ ખરીદી કરવા માટે જતા વેપારીઓ ત્યાં સમયસર પહોંચી જાય અને સમયસર પાછા આવી શકે. જલ્દીથી અબડાસાને ઘણા લાંબા સમય બાદ આ સેવા મળશે. એના માટે અબડાસાવાસીઓમાં એક આનંદ જોવા મળી રહ્યો છે.

# સુજાપુર નગરે પ્રતિષ્ઠા જેવા માહોલનું થયું પુનરાવર્તન.. ગુરૂપધરામણીએ ભવ્ય મહોત્સવ





વિ.સં.૨૦૮૦ મહાવદ ૮ શનિવાર તા.૨-૩-૨૦૨૪ના અબડાસા વિસ્તારના નલિયા તીર્થ નકટે સરહદી ગામ સુજાપર મધે શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર સંઘ પરમોપકારી ૧૭ વર્ષ પૂર્વે પ્રતિષ્ઠા નિશ્રાદાતા, સંઘ-શાસન કૌશલ્યાધાર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજાની પાવન પધરામણીએ મહોત્સવનો આયોજન થયેલ. અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી દેવી શ્રી મહાકાલીદેવીનું મહાપૂજન-હવનનો અનુષ્ઠાન આયોજન થયેલ.

વહેલી પ્રભાતે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મહારાજા આદિ ઠાણાનો ઢોલ-શરણાઈની સુરાવલીએ પ્રવેશ થયો. શ્રી અજિતનાથ જિનાલયે ચૈત્યવંદન કરી ઉપાશ્રયે ગુરૂવંદન-માંગલિક-પ્રાસંગિક પ્રવચન રહેલ પૂ.અચલગચ્છાધિપતિશ્રીએ પ્રભાવક પ્રવચન કરેલ.

સકલ સંઘની નવકારશી બાદ દેવી મહાપૂજન પ્રારંભાયેલ. અબડાસા વિસ્તારના ધારાસભ્ય શ્રી પદ્યુમ્નસિંહ જાડેજા ગુરૂવાર દર્શનાર્થે





પધારેલ. ગુરૂ આશીર્વાદ સ્વીકારી. સંઘ દ્વારા બહુમાને કરાયેલ. પોતાના ભાવો વ્યક્ત કરેલ. સરપંચ શ્રી જામભા, પૂર્વ સરપંચ શ્રી જુવાનસિંહ તલાટી હર્ષભાઈ શાહ આદિ પણ પધારેલ.

સુજાપર સંઘના આમંત્રણે ઘણા સંઘો/મહાજનો પધારેલ સર્વેનો બહુમાન થયેલ. મુખ્ય લાભાર્થી, સહાયક લાભાર્થી, વિધિકાર આદિના બહુમાન થયેલ.


ગુરૂપૂજનનો લાભ માતુશ્રી જયાબેન હીરાચંદ શાહ સહ દક્ષાબેન હંસકુમાર છેડા, નયનાબેન લેરીન વર્ધમાન ખોનાએ સંયુક્ત રીતે ઉલ્લાસે લાભ લીધો અને અક્ષતે વધામણા કરેલ.

સુજાપર નગરે ૧૭ વર્ષ બાદ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજાની ભવ્ય પધરામણી ખરેખર ઐતિહાસિક અને યાદગાર રહેલ. પૂ.ગુરૂદેવ શ્રીની પાવન પ્રેરણાએ ઉપાશ્રય જિર્ણોદ્ધારના ફંડની શરૂઆત થઈ. ગામવાસીઓ-નિયાણીઓ-આદિ પધારેલ સર્વે શ્રાવક શ્રાવકિઓએ ઉલ્લાસભેર જોડાયેલ.

કાર્યક્રમ મહોત્સવને ચાર ચાંદ લગાડવા માટે પ્રવિણભાઈ, મિહિરભાઈ, હેમંતભાઈ, હર્ષલભાઈ, હેમલભાઈ, જીતેનભાઈ આદિ સર્વે કાર્યકતાઓની જહેમત રહી હતી. ટ્રસ્ટી કિશોરભાઈ, હંસકુમાર લક્ષ્મીચંદ છેડા અને જયમન લેરીન ખોના ટ્રસ્ટીઓની હાજરી અનુમોદનીય સરાહનીય રહી હતી.

સંપૂર્ણ આયોજન માટે દર વર્ષે ધ્વજારોહણ નિશ્રા પ્રદાન કરનાર પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.ની પ્રેરણા રહી હતી. માર્ગદર્શન શ્રાદ્ધવર્ય વિધિકાર શ્રી કેવલભાઈ સાવલાનો રહેલ. સંગીતની રમઝટ શ્રી કિશોરભાઈ સંઘાર સાથી કલાકારોએ જમાવેલ.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રેમજીભાઈ લોડાયા**
તા.૨૫ ફેબ્રુઆરી (ઉ.૮૨)
રાપરગઢવારી-મુંબઈ




**જયાબાઈ ધરમશી**
તા.૨૫ ફેબ્રુઆરી (ઉ.૮૮)
નલિયા-મુંબઈ



**ચંદનબેન છેડા**
તા.૨૬ ફેબ્રુઆરી (ઉ.૭૦)
નલિયા-શેગાવ



**ધીરજલાલ લોડાયા**
તા.૨૬ ફેબ્રુઆરી (ઉ.૭૪)
મોટી ખાવડી-લંડન



**માલતીબેન ખોના**
તા.૨૬ ફેબ્રુઆરી (ઉ.૮૬)
મોટી ખાવડી-લંડન



**ભાવનાબેન ધરમશી**
તા.૨૭ ફેબ્રુઆરી (ઉ.૭૭)
સુથરી-હૈદ્રાબાદ




**દમયંતીબેન લુઠીયા**
તા.૨૮ ફેબ્રુઆરી (ઉ.૭૦)
રવા-નલિયા




**સરલાબેન દંડ**
તા.૨૯ ફેબ્રુઆરી (ઉ.૮૩)
સુથરી-મુંબઈ





**તારાચંદભાઈ ધરમશી**
તા.૧ માર્ચ (ઉ.૯૫)
સુથરી-વડોદરા



**મહેન્દ્રભાઈ લોડાયા**
તા.૧ માર્ચ (ઉ.૭૩)
કોઠારા-મુંબઈ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

80G સર્ટિફીકેટ

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO SANJIVANI

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● કચ્છના સાંસદ વિનોદ ચાવડા કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની રૂબરૂ મુલાકાત લઈ સુરત રાજકોટની જેમ અદ્યતન સેવા સુવિધા સભર નવું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કચ્છને મળે એવી રજૂઆત કરી હતી. ગુજરાતમાં સૌથી વધુ ક્ષેત્રફળ ધરાવતો કચ્છ વિકાસશીલ જિલ્લો છે. મહાબંદર સહિતના ધમધમાટ સાથે લાખો કચ્છીઓ દેશ વિદેશમાં ધંધા રોજગાર સાથે જોડાયેલા હોતા દેશ વિદેશ સાથે સતત આવવા ગમન રહે છે. તે કારણે આંતરરાષ્ટ્રીય વિમાની મથક જિલ્લાની ખાસ જરૂરિયાત છે તેની ભારપૂર્વક રજૂઆત કરી હતી.

● અમદાવાદ ખાતે વિભાગીય રેલવે સમિતિની બેઠકમાં કચ્છ જિલ્લાને લગતા વિવિધ પ્રવાસીઓ અને માલવાહક ટ્રેનની સુવિધાઓ વધારવા કચ્છનું આંતરિક રેલ્વે માળખું મજબૂત બનાવવા અને પ્રત્યેક રેલવે સ્ટેશનોમાં પાયાની સુવિધા વધારવા અંગે રજૂઆત કરવામાં આવી હતી. જોધપુરની ટ્રેનને દિલ્હી સુધી લંબાવવા, ભુજથી સૌરાષ્ટ્ર અને ખાસ કરીને સોમનાથને જોડતી ટ્રેન આપવા, પાલનપુર ટ્રેનમાં એસી ચેર કાર વધારવા, આદિપુર રેલવે સ્ટેશનને અપગ્રેડ કરવા ગાંધીધામમાં પિટ લાઈનની સંખ્યા વધારીને ચાર કરવા, ભુજથી કેવડીયા સ્ટેચ્યુ ઓફ યુનિટ વચ્ચે વંદે ભારત ટ્રેન દોડાવવા. હરીદ્વારની ટ્રેન શરૂ કરવા માંડવી સાથે ધોળાવીરાનું પણ નલિયા સાથો સાથ આંતરિકે રેલવે માળખું સુદ્દઢ કરવા અંગે ભાર મુકવામાં આવ્યો હતો.

● ભુજથી અબડાસાને જોડતી બ્રોડગેજ લાઈન નલિયાથી વિસ્તરણ કરી વાયોર સુધી ૨૫ કિ.મી. જોડવા અબડાસાના નલિયા, વાગોઠ મોટી ચપરોડી, જાન કોસા, કરમય, રામપર વડસર તથા વાયોર ગામની જમીનો સંપાદન કરવા પ્રાંત અધિકારીએ જાહેરનામું બહાર પાડ્યું છે. વાયોર વિસ્તારમાં સિમેન્ટ ઉદ્યોગ વિકસ્યો છે. સાંધી અને વદરાજ ગ્રુપને અદાણી દ્વારા ખરીદી લેવાયો છે. ત્યારે નવા ઔદ્યોગિક સમીકરણને ધ્યાને લઈ આવતા બ્રોડગેજ પ્રોજેક્ટના કારણે ગરડા વિસ્તારમાં ટૂંક સમયમાં સોનાનો સૂરજ ઉગશે એવું લોકો માને છે.

● પશ્ચિમ કચ્છમાં આવેલા પ્રવાસન સ્થળોનો લાભ ભુજ તથા આસપાસના વિસ્તારોને મળે છે ત્યારે પૂર્વ કચ્છમાં પણ એકલનું રણ, વિશ્વ વિખ્યાત ધોળાવીરા, વ્રજવાણી સહિતના અનેક પ્રવાસન સ્થળ ઉપલબ્ધ છે. પરંતુ તેને પ્રોત્સાહન ન મળતા અને પધ્ધતિસરનું માર્કેટિંગ ન આપવામાં આવતા નીરસતા જોવા મળી રહી છે. પૂર્વ કચ્છના રાજકીય આગેવાનો આ દિશામાં આગળ આવે તો ગાંધીધામ, અંજાર, ભચાઉ વગેરે પંથકમાં હોટલ ઉદ્યોગ સાથે વિવિધ વેપાર ધંધાઓને વેગ મળી શકે છે.

● કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ કેન્દ્રીય સડક અને પરિવહન અને રાજ્ય માર્ગ મંત્રી નીતિન ગડકરી સાથે રૂબરૂ મુલાકાત કરી કચ્છના રોડ, રસ્તા હાઈવે અને રાજ્યને જોડતાં ધોરી માર્ગ વિષે વ્યાપક રજૂઆત કરી હતી. કચ્છ-માળિયા મોરબી નેશનલ હાઈવે પર કાયમ ટ્રાફિક જામ ધડુલી સાંતલપુર રોડ ફેસ-૨, કંડલાથી માળિયા નવલખી કોસ્ટલ હાઈવે બનાવવા સહિતની માંગણી દોહરાવી હતી. જેની ઉપર કેન્દ્રીય મંત્રી એ સકારાત્મક પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો.

● જખૌથી મોડકુબા અને લાયજા તરફ જતાં અબડાસા અને માંડવીને જોડતા કોસ્ટલ હાઈવે પર લહેરાતી હરિયાળી હકીકત અબડાસાની ધરતીના લાલા, બુડિયા, વિંગાબેર, વાડાપધ્ધર, સાંધાણ, વિંઝાણ, સાંધવ, વરાડિયા, સિંઘોડી, વાંકું, લઠેડીના ખેતરો અન્ન આબાદીની ગાથા ગાયે છે. એક સમયે ૫૦ હજાર હેક્ટર ખેતીવાડી વિસ્તારમાં થતી પરંપરાગત ખેતીમાં હરિયાણા પ્રદેશમાંથી આવી વસેલા જાટ સમુદાયના કિસાનો એ બદલાવ લાવીને કપાસની સાથે ઘઉંની ઉપજમાં દિવસ રાત જોતરાઈ આખા પટ્ટાને હરિયાળો કરી દીધો છે.




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA